## પ્રકરણ-૧૩
## બાળક જ્યારે 'ચોરી' કરે

*'રવિ તારી પેન ચોરી ગયો, એમ! કાલે તું એનું રબર ઉઠાવી લાવજે, બસ!'*

*'કેટલી વાર સમજાવ્યું કે પપ્પાના પાકિટમાંથી પૈસા નહી ચોરવાના, સાવ નફ્ફટ છે તું, આજે તો તને પપ્પા પાસે જરૂર માર ખવડાવું, મોટો થઈને ચોર જ થશે!'*

*'બેટા, આ ઢિંગલી તારી નથી, આપણે ઘરે ઘણી ઢિંગલીઓ છે, ચાલ આ પાછી આપી દે, તને આના જેવી જ બીજી લઈ આપીશ.'*

આવા મતલબના ઘણા સંવાદો દરેક ઘરમાં બાળક સાથે કયારેક તો બોલતા જ હોય છે. બાળક બીજા કોઇની વસ્તુ 'ચોરી' લાવે કે ઉપાડી લાવે ત્યારે તેની ઉંમર પ્રમાણે અને વાલી પોતાના સંસ્કાર પ્રમાણે તેની સાથે વર્તે છે. નાના બાળકને તો શાંતિથી સમજાવીને ચલાવી લેવાતા હોય છે. પણ મોટાં સમજણાં બાળક ચોરી કરતા પકડાય ત્યારે મા-બાપ-વાલી સહેજેય અપસેટ જરૂર થઇ જાય. ચોરી જાણે મોટો અપરાધ થઇ ગયો હોય તેમ લઇને બાળક સાથે જાતજાતના વર્તન થતા હોય છે. જેમાં વઢવાનું, ખીજાવાનું, મારવાનું, બાથરૂમમાં પૂરી દેવાનું ઘરની બહાર કાઢી મૂકવાનું માફી મંગાવવાનું, વગેરે જેવી ઘણા પ્રકારની સજા કરાતી જોવાય છે.

પાંચેક વર્ષથી નાના બાળકને 'ચોરી'નો કોન્સેપ્ટ નથી હોતો. તેને ગમ્યું એટલે ઉઠાવ્યું તેવી તેની સમજણ હોય. તે વસ્તુ બીજાની છે અને પોતાની નથી તેવી સમજણ તેને ના હોય. આવી ઉંમરે બાળકને શાંતિથી સમજાવી, પટાવી કે તેનું ધ્યાન અન્ય વસ્તુમાં દોરવીને તેણે ઉઠાવી લાવેલી વસ્તુ પાછી મેળવી લેવાય.

પણ છ વર્ષથી મોટા બાળકને પોતાની કે બીજાની વસ્તુનો પૂરો ખ્યાલ હોય છે અને જ્યારે તે અન્ય વસ્તુ ઉઠાવી લાવે ત્યારે તેણે ખોટું કર્યુ છે તેનો અંદાજ હોય છે જ. વળી આવી સમજણને લીધે 'ઉઠાવવાની' કામગીરી ચોરીથી ગુપ્તતાથી કરે છે, તેણે લીધેલી વસ્તુ સંતાડી પણ રાખે અને પૂછપરછ કરાય ત્યારે તે જુઠું પણ બોલે. આવા વખતે બાળકના વાલી કે શિક્ષક વ્યથિત થઇને બાળકનું વર્તન સહન ના કરી શકે અને સજા કરવા માંડે. પણ ખરેખર તો બાળકના આવા વર્તનના ઊંડાણમાં જવું જરૂરી છે તે ચોરી કરવા શા માટે પ્રેરાયું? તેને જોરદાર સજા કરવાથી કોઇ ફાયદો નહી થશે, કદાચ ફરી ચોરી નહી કરે પણ ચોરી પાછળની તેની મનોવૈજ્ઞાનિક જરૂરિયાત સંતોષાયા વગરની રહી જાય અને અન્ય બીજી કોઇ રીતે પ્રકટ થશે જ.

તો હવે મોટા બાળકો ચોરી શા માટે કરે તેના મનોવૈજ્ઞાનિક તારણો જોઇએ. સુખી અને સંસ્કારી ઘરમાં ઉછરેલ બાળક કે જેની પાસે પૂરતાં રમકડાં, ચોપડા, કપડાં વગેરે હોય તેમાં મોટા ભાગે ચોરીની વસ્તુમાં પપ્પા-મમ્મી કે અન્યના પૈસા, બીજાની પેન, કોમીક બુક, વગેરે જેવી વસ્તુ જ હોય. તે તેની પાસે પણ ઉપલબ્ધ હોય જ પછી તેને ચોરી

કરવાની શી જરૂર પડી? મોટા ભાગનાં આવા બાળકોનો અભ્યાસ કરતાં જણાયું કે આ ઉંમરે સબ કોન્શ્યસ મનમાં તે ખુશ નથી હોતું, તેને એકલતાં સાલતી હોય છે. આ ઉંમરે બાળક અને માબાપ વચ્ચે થોડું અંતર વધી ગયું હોય, આ ઉંમરે બાળક ઘરથી છુટ્ટું થઇ રહ્યું હોય, માબાપ સાથે ઓછો સમય ગાળતું હોય, ઘરની બહાર મિત્રો બનાવતુ હોય પણ મિત્રતા કેળવવામાં પોતાને પૂરેપુરો સફળ ના માનતું હોય (પછી ભલે પોતે મિત્રવર્તુળમાં ખૂબ જાણીતો હોય), તેને મિત્રો પાસે માબાપ જેટલો પ્રેમ કે હૂંફ ના મળી શકે અને વળી ઘરે તે માબાપથી માનસિક રીતે દૂર થતું હોય છે. એટલે જ આવાં બાળકો મોટા ભાગે પૈસા કે અન્ય વસ્તુ ઉઠાવી તેનો ઉપયોગ મિત્રોને ખુશ કરવામાં કરે છે. તે પૈસાની પાર્ટી, આઇસ્ક્રીમ ખરીદે. વળી આ ઉંમરે બાળકોને વાલી સાથે ‘ઝઘડા’ પણ થાય જેમાં તેણે તેના પોતાની વર્તણૂંક, સ્ટાઇલ, કપડાં, ખાવાની રીતો, પસંદગીઓ વગેરે વિશે ‘સાંભળવું’ પડતું હોય છે. તેમાં પણ વાલીને ‘ચોરી’ વિશે ખબર પડે ત્યારે, બસ આવી જ બને છે!!

ચોરી કરવાનાં મનોવૈજ્ઞાનિક કારણોમાં બાળકમાં રહેલ ઈર્ષાની ભાવના, ભયની લાગણી, ‘ઓછું આવવાની’ લાગણી, ‘ખોટું લાગી ગયા’ની ભાવના વગેરે પણ ઘણો ભાગ ભજવે છે. આવી લાગણીઓને બરાબર કાબૂમાં ના રાખી શકનાર બાળક બદલો લેવાની ઈચ્છાથી ચોરી કરે છે. જેમાં ઉઠાવેલી વસ્તુ સામેવાળાની પ્રિય હોય છે. ચોરી કરવાના અન્ય પ્રબળ કારણમાં આવે છે તે ‘ડેરીંગ’(હિમ્મત) બતાવવાની કે ‘કંઇક’ કરી બતાડવાની ઈચ્છા. મિત્ર વર્તુળમાં કે પછી પોતાની જાત સાથે દાખલો બેસડવા કે પોતે પણ ઘણું કરી શકે છે અને તેનો તેને આત્મવિશ્વાસ છે તે જતાવવા બાળક અન્યોની વસ્તુ ઉઠાવી લાવે. આવી રીતે કરેલી ચોરી વારંવાર રીપીટ નથી થતી. એકવાર પોતાને પુરવાર કરી લીધા પછી બાળક બીજી વખત ચોરીનું માધ્યમ સામાન્ય રીતે નથી વાપરતું. આવા બાળકને અપરાધી તરીકે માનવું નહી.

અત્યાર સુધી ચર્ચેલા બધાં કારણો મોટા ભાગે ટેમ્પરરી ચોરી કરાવે છે. જો યોગ્ય રીતે બેકગ્રાઉન્ડ તપાસીને બાળક સાથે વહેવાર કરાય તો આવી વર્તણૂંક લાંબી ચાલે નહી. પણ જો બાળક વારંવાર ચોરી કર્યા કરે અને મનોવૈજ્ઞાનિક રીતે અન્યો સાથેના વર્તનની બીજી ખામીઓ ધરાવતું હોય તો તેને મનોચિકિત્સકને અવશ્ય બતાવવું.

વારંવાર ચોરી કરતા બાળકના ઘરમાં એવું જણાયું છે કે મા-બાપ-વાલી અને નજીકનાં સગાંઓ બાળકની ચોરીની આદતને અવગણતા હોય, પ્રોત્સાહન આપતા હોય (સીધી રીતે નહી પણ આડકતરી રીતે તેને ધ્યાન આપ્યા વગર), અથવા દાખલો બેસાડતા હોય (પોતે ચોરી કરીને!). ઘરમાં ઇન્કમટેક્ષની ચોરી, નોકરીમાં ટાઇમની ચોરી, પૈસાની ઘાલમેલ વગેરે જેવી વર્તણૂંકની સાક્ષી અને વાતોની પુષ્ટિથી બાળકની ચોરીને પોઝીટીવ બેકિંગ મળે છે!! જે ઘરોમાં મા-બાપ વચ્ચે કે સભ્યો વચ્ચે ખટરાગ હોય, ખૂબ કટ્ટર ધાર્મિક ઓર્થોડોક્સી કે શિસ્ત હોય તેવા ઘરનાં બાળકોમાં ચોરી કરવાનું પ્રમાણ વધારે નોંધાયું છે!

**ટીપ્સઃ બાળક ‘ચોરી’ કરે ત્યારેઃ**



- ત્રણેક વર્ષથી નાના બાળકે ઉઠાવી લાવેલી વસ્તુના વર્તન માટે ‘ચોરી’ શબ્દ વાપરવો નહી. તેને સમજાવી, પટાવીને વસ્તુ પાછી અપાવી દેવી.
- મોટા બાળકે ચોરી કરી હોય તે જણાય તો તેને ચોખ્ખા દ્રઢ શબ્દોમાં તમારો અણગમો બતાવવો, તે કયાંથી કોની વસ્તુ લાવ્યો છે તે પૂછવું અને પાછી આપી દેવાનો આગ્રહ સતત રાખી તેને જુઠ્ઠું બોલતા અટકાવવું.
- આવા પ્રસંગે બાળક મોટા ભાગે નિર્દોષ કારણોસર વસ્તુ ઉઠાવી લાવતું હોય એટલે તેને ખૂબ ગુનાહિત લાગણી થાય તેવું વર્તન કરવું નહી, એટલે કે માનો બાળક સ્કૂલેથી બીજાની વસ્તુ લાવ્યું હોય તો આખા કલાસ સામે માફી મંગાવવી કે ખીજાવાની જરૂર નથી હોતી, પણ તેને તેનું વર્તન ખોટું હતું તે પ્રતીતિ થાય અને ઉઠાવેલી વસ્તુ અસલ જગ્યાએ પહોંચી જાય તે જ જોવું
- આ સમયે વિચારવાનો વખત છે કે બાળકને મનમાં કયાં ખૂંચે છે?, તેને પ્રેમ-હૂંફની ઊણપ કયા પ્રકારે વર્તાય છે? તેને મિત્રોમાં પ્રતિષ્ઠા મેળવવામાં કયાં મદદ કરી શકાય તેમ છે? તેને પોકેટ-મની (વાપરવાના પૈસા) કયાં ખૂટે છે?
- તેની સામે ખુલ્લા દિલે, દબાણ વગર વાતચીત કરવા કોશિશ કરવાથી આવા પ્રશ્નોનો જવાબ મળી જશે. આમાં ઘણી ધીરજની જરૂર હોય છે.
- વારંવાર ચોરી કરતા બાળકને અને તેના વાલીઓને પણ મનોવૈજ્ઞાનિક તજજ્ઞની સારવારની જરૂર હોય છે.
- વારંવાર ચોરી કરનાર બાળકના વાલીઓએ પોતાની વર્તણૂંક પણ વિચારી જોવી જરૂર છે કે જાણ્યે અજાણ્યે તેમાંથી બાળકને પ્રોત્સાહન તો નથી મળતું ને??

**ચોરી કરવાનાં મનોવૈજ્ઞાનિક કારણોમાં બાળકમાં રહેલ ઈર્ષાની ભાવના, ભયની લાગણી, ‘ઓછું આવવાની’ લાગણી, ‘ખોટું લાગી ગયા’ની ભાવના વગેરે પણ ઘણો ભાગ ભજવે છે. આવી લાગણીઓને બરારબર કાબૂમાં ના રાખી શકનાર બાળક બદલો લેવાની ઇચ્છાથી ચોરી કરે છે. જેમાં ઉઠાવેલી વસ્તુ સામેવાળાની પ્રિય હોય છે.**